1. ગુજરાતમાં આવેલ નેશનલ પાર્ક/અભ્યારણ્ય અને તેનાં સંબંધિત જીલ્લાઓ પૈકી ક્યા જોડકા યોગ્ય છે ?
   1. જાંબુઘોડા સેંચુરી – પંચમહાલ
   2. હીંગોળગઢ (Hingolgadh) નેચર એજ્યુકેશન સેંચુરી – રાજકોટ
   3. ખીજડીયા બર્ડ સેંચુરી – જામનગર
   4. શુલ પાનેશ્વર સેંચુરી – વલસાડ

   (A) 2, 3 અને 4
   (B) 1, 2 અને 4
   (C) 1, 2 અને 3
   (D) 1, 3 અને 4

2. કચ્છનાં નાના રણમાં આવેલા ઝીંઝુવાડાના કિલ્લાનું નિર્માણ કોણે કરાવ્યું હતું ?
   (A) સિદ્ધરાજ જયસિંહ
   (B) કુમારપાળ
   (C) ભીમદેવ-1
   (D) વિસલદેવ

3. ગુજરાતી લોકસાહિત્યનાં હાસ્ય કલાકાર
   (A) રવિન્દ્ર જાડેજા
   (B) રાજ્યવર્ધનસિંહ રાઠોડ
   (C) શાહબુદ્દીન રાઠોડ
   (D) દલેર મહેંદી

4. ગુજરાતમાં જીલ્લાનાં પોલીસ વડાને ક્યા નામે સંબોધવામાં આવે છે ?
   (A) કેપ્ટન
   (B) કર્નલ
   (C) ડી.એસ.પી.
   (D) એ.સી.પી.

5. 9 + 19 + 29 + ....... + 99 =
   (A) 199
   (B) 540
   (C) 500
   (D) 200

6. જો તારીખ 20 ફેબ્રુઆરી 2016ના રોજ શનિવાર હોય તો તારીખ 23 માર્ચ 2016ના રોજ ક્યો વાર હશે ?
   (A) બુધવાર
   (B) રવિવાર
   (C) મંગળવાર
   (D) ગુરૂવાર

7. 16 : 56 :: 32 : (?)
   (A) 96
   (B) 128
   (C) 112
   (D) 144

8. Junk e-mailને બીજા ક્યા નામથી ઓળખવામાં આવેલ છે ?
   (A) Sniffer Script
   (B) Spool
   (C) Spam
   (D) Spoof

9. સૂર્યનાં કિરણો વડે થતી સારવારને શું કહેવાય ?
   (A) નેચરોપથી
   (B) હોમિયોપથી
   (C) હિલિયોપથી
   (D) હાઇડ્રોપથી

10. નીચેનામાંથી ક્યા મહાનુભાવ દક્ષિણ આફ્રિકાનાં વતની અને બ્લેક ગાંધી તરીકે જાણીતા છે ?
   (A) પ્રિન્સ બિસ્માર્ક
   (B) ખલિલ જિબ્રાન
   (C) નેલ્સન મંડેલા
   (D) ગેરી બાલ્કી

11. એક પરિવારમાં એક પુરૂષ અને તેની પત્ની, તેમનાં ચાર દીકરા અને તેમની પત્નીઓ રહે છે. દરેક દીકરાને ત્રણ દીકરા અને એક દીકરી હોય તો, સમગ્ર કુટુંબમાં પુરૂષ સભ્યોની સંખ્યા જણાવો.

(A) 17
(B) 12
(C) 4
(D) 8

12. ધારો કે આજે શુક્રવાર છે તો પછીનાં રવિવાર પછી 25મા દિવસે કયો વાર હશે ?

(A) શુક્રવાર
(B) મંગળવાર
(C) ગુરૂવાર
(D) બુધવાર

13. 3, 5, 7, 11, 13, 17, ?

(A) 22
(B) 23
(C) 19
(D) 21

14. જો DELHI = 73541 અને CALCUTTA = 82589662 હોય તો CALICUT બરાબર કેટલા થાય ?

(A) 8543691
(B) 8251896
(C) 5278013
(D) 5279431

15. જો LINKનો KILN અર્થ હોય તો PINKનો અર્થ શું થાય ?

(A) NIKP
(B) KIPN
(C) IPNK
(D) KINP

16. જો AHMEDABAD = BINFEBCBE તો BARODA = ?

(A) CDTPFD
(B) CBQNEB
(C) CBSPEB
(D) DBRTFB

17. 40 બાળકોની લાઈનમાં મોહન જમણી બાજુથી 14મા ક્રમે છે તો તે ડાબી બાજુથી કયા ક્રમે હશે ?

(A) 26મા
(B) 24મા
(C) 25મા
(D) 27મા

18. દિનેશ 5 કિ.મી. દક્ષિણ દિશા તરફ ચાલે છે, તે પછી તે પોતાની જમણી બાજુ વળી 10 કિ.મી. ચાલે છે. પછી તે પોતાની ડાબી તરફ વળી 5 કિ.મી. ચાલે છે. પછી તે પૂર્વ તરફ 10 કિ.મી. ચાલે છે. તો તે પોતાનાં પ્રારંભિક બિંદુથી કઈ દિશામાં હશે ?

(A) ઉત્તર
(B) દક્ષિણ
(C) પૂર્વ
(D) પશ્ચિમ

19. P, Qનો ભાઈ છે. R, Qની માતા છે. S, Rના પતિ છે. T, Sની માતા છે, તો Pનો T સાથેનો સંબંધ શું થાય ?

(A) દાદી
(B) પૌત્રી
(C) પૌત્ર
(D) પ્રપૌત્ર

20. જો એક હરોળમાં શૈલેષનો ક્રમ આગળથી 15મો અને પાછળથી 41મો છે, તો આ હરોળમાં મધ્યમાં રહેલા મૌલિકનો ક્રમ કયો હશે ?

(A) 30મો
(B) 29મો
(C) 27મો
(D) 28મો

21. સુનિલ ગાવસ્કર તેની પ્રથમ ટેસ્ટ મેચ કયા રાષ્ટ્રની સામે રમ્યા હતા ?
(A) વેસ્ટ ઈન્ડિઝ
(B) પાકિસ્તાન
(C) ઇંગ્લેન્ડ
(D) ઓસ્ટ્રેલિયા

22. આમાં કોણ જુદું પડે છે ?
(A) ગોલકીપર
(B) પેનલ્ટી
(C) સેન્ટર ફોરવર્ડ
(D) વિકેટ કીપર

23. ઈરાની કપ કઈ રમત સાથે સંબંધિત છે ?
(A) હોકી
(B) બેડમિંટન
(C) ફૂટબોલ
(D) ક્રિકેટ

24. રાજ્યવર્ધનસિંહ રાઠોડ કઈ રમત સાથે સંબંધિત છે ?
(A) ક્રિકેટ
(B) કબડ્ડી
(C) રાઈફલ શુટિંગ
(D) ફૂટબોલ

25. કઈ રમત ઘોડા પર બેસીને રમાય ?
(A) બિલિયર્ડ
(B) પોલો
(C) રગ્બી
(D) બેઝબોલ

26. "ગ્રાન્ડ માસ્ટર" ઉપાધિ કઈ રમતમાં આપવામાં આવે છે ?
(A) બેઝબોલ
(B) શતરંજ
(C) ગોલ્ફ
(D) ટેબલટેનિસ

27. વિશ્વ પર્યાવરણ દિવસ ક્યારે ઉજવાય છે ?
(A) 2જી ઓક્ટોબર
(B) 1લી મે
(C) 5મી જૂન
(D) 21મી જૂન

28. 2024માં સમર ઓલિમ્પિક કયા દેશમાં યોજાશે ?
(A) ભારત
(B) ઓસ્ટ્રેલિયા
(C) જર્મની
(D) ફ્રાંસ

29. $9 + 8 + 7 - 10 =$
(A) 10
(B) 14
(C) 8
(D) 9

30. $29 \times 16 =$
(A) 400
(B) 340
(C) 220
(D) 464

31. પ્રખ્યાત રમતવીર ધ્યાનચંદજીની શ્રેષ્ઠતા કઈ રમતમાં સિદ્ધ થયેલી હતી ?
(A) ક્રિકેટ
(B) તિરંદાજી
(C) હોકી
(D) શતરંજ

32. ટી–20 ક્રિકેટ વર્લ્ડ કપ જીતનાર પ્રથમ દેશ
(A) શ્રીલંકા (B) બાંગ્લાદેશ
(C) ભારત (D) અફઘાનિસ્તાન

33. ટાઈગર વુડ કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(A) વોલીબોલ (B) કબડ્ડી
(C) ટેનિસ (D) ગોલ્ફ

34. સૌથી નાની વયે "ભારત રત્ન" એવોર્ડ મેળવનાર ક્યો ક્રિકેટર છે ?
(A) કપિલ દેવ (B) વિરેન્દ્ર સેહવાગ
(C) સચીન તેંડુલકર (D) સંજય માંજરેકર

35. ભારતની રાષ્ટ્રીય રમત કઈ છે ?
(A) કબડ્ડી (B) ફૂટબોલ
(C) ક્રિકેટ (D) હોકી

36. ભારતમાં રમતવીરને રમત માટે અપાતો સર્વોચ્ચ એવોર્ડ કયો છે ?
(A) આઈ.પી.એલ. એવોર્ડ (B) દાદાસાહેબ ફાળકે એવોર્ડ
(C) ખેલ રત્ન એવોર્ડ (D) ફિલ્મફેર એવોર્ડ

37. પ્રસિદ્ધ ક્રિકેટર જેની સાથે અભિનેત્રી અનુષ્કા શર્માએ લગ્ન કરેલ છે
(A) હાર્દિક પંડ્યા (B) ઈરફાન પઠાણ
(C) વિરાટ કોહલી (D) એમ.એસ. ધોની

38. "ગ્રાન્ડસ્લેમ" શબ્દ કઈ રમત સાથે સંકળાયેલો છે ?
(A) બાસ્કેટ બોલ (B) વોલીબોલ
(C) બેડમિંટન (D) ટેનિસ

39. કયા પ્રથમ ભારતીય ખેલાડીએ ઓલિમ્પિકમાં બેડમિંટનની રમતમાં મેડલ જીતેલ છે ?
(A) સ્મૃતિ મંધાના (B) સાઈની અબ્રાહમ
(C) સાઈના નેહવાલ (D) પી.ટી. ઉષા

40. "ડુરાન્ડ કપ" કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(A) કબડ્ડી (B) ફૂટબોલ
(C) ક્રિકેટ (D) સ્વીમીંગ

41. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કયા શહેરમાં આવેલ છે ?
(A) અમદાવાદ (B) ચેન્નાઈ
(C) દિલ્હી (D) મુંબઇ

42. તાજેતરમાં ભારતની સૌપ્રથમ અર્થક્વેક અર્લી વોર્નિંગ મોબાઈલ એપ કયા રાજ્યમાં લોન્ચ કરવામાં આવી ?
(A) મેઘાલય
(B) સિક્કિમ
(C) ઉત્તરાખંડ
(D) હિમાચલ પ્રદેશ

43. H1N1 વાયરસને નીચેનાં પૈકીનાં કયા રોગ (Disease) સાથે સંબંધ છે ?
(A) સ્વાઈન ફ્લુ (Swine Flu)
(B) ડેંગ્યુ (Dengue)
(C) એઈડ્સ (AIDS)
(D) બર્ડ ફ્લુ (Bird Flu)

44. ગુજરાતમાં બટાકા સંશોધન કેન્દ્ર ક્યાં આવેલું છે ?
(A) ભાવનગર
(B) જૂનાગઢ
(C) ડીસા
(D) નવસારી

45. ...... એ નેટવર્ક સુરક્ષા પ્રણાલી છે કે જે પૂર્વ નિર્ધારિત સલામતી નિયમોને આધારે incoming અને outgoing નેટવર્ક ટ્રાફિકનાં નિયંત્રણની દેખરેખ રાખે છે.
(A) HTTPS
(B) VPN
(C) FireWall
(D) Anti-Virus

46. 26 નવેમ્બરનો દિવસ કયા નામે મનાવાય છે ?
(A) ખેલકૂદ દિવસ
(B) સાર્વભૌમત્વ દિવસ
(C) બંધારણ દિવસ
(D) યોગ દિવસ

47. ભારત સરકારનાં કાનૂન અને ન્યાય મંત્રાલયે ઘર આંગણે ન્યાય આપવા ક્યું અભિયાન લોન્ચ કર્યુ છે ?
(A) એક પહલ ડ્રાઈવ
(B) એક સત્ય ડ્રાઈવ
(C) એક વિવાદ ડ્રાઈવ
(D) એક નિર્માણ ડ્રાઈવ

48. તાજેતરમાં ભારતનાં પ્રથમ ફેન્ટન કેટેલેટિક રિએક્ટર વેસ્ટવોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન ક્યાં કરવામાં આવ્યું ?
(A) રાજકોટ
(B) અમદાવાદ
(C) વડોદરા
(D) ભરૂચ

49. વિદ્યુત ઉપકરણો માટે આજકાલ જાણીતો બનેલ LED શબ્દનું પૂર્ણ સ્વરૂપ શું છે ?
(A) Light Emitting Diode
(B) Low Emission Device
(C) Low Energy Device
(D) Light Effective Diode

50. IRDA કયા ક્ષેત્રનાં નિયંત્રક તરીકે કામ કરે છે ?
(A) બેંકિંગ સેક્ટર
(B) રૂરલ ડેવલપમેન્ટ
(C) વીમા ક્ષેત્ર
(D) મ્યુચ્યુઅલ ફંડ

51. રાંધણ ગેસ શેનું મિશ્રણ છે ?
(A) કાર્બન ડાયોક્સાઈડ અને ઓક્સિજન
(B) મિથેન અને ઈથિલિન
(C) કાર્બન મોનોક્સાઈડ અને કાર્બન ડાયોક્સાઈડ
(D) બ્યુટેન અને પ્રોપેન

52. કયા કાર્યક્રમો દ્વારા કન્યા કેળવણીનાં જાગૃતિનાં કાર્યક્રમો હાથ ધરાયા છે ?
(A) આપેલ તમામ
(B) ગુણોત્સવ
(C) Right to Education
(D) સપ્તધારા

53. ભારતીય સરહદની રક્ષા કરનાર પેરામીલીટરી ફોર્સ
(A) IPKF (B) BSF
(C) CRPF (D) CISF

54. હાલમાં ગુજરાતનાં કાયદા મંત્રીશ્રી
(A) રાજેન્દ્ર ત્રિવેદી (B) નિતીન પટેલ
(C) હર્ષ સંઘવી (D) રિષિકેશ પટેલ

55. ભારતની સૌપ્રથમ અંડરગ્રાઉન્ડ મેટ્રો રેલ પ્રાપ્ત કરનાર શહેર
(A) કલકત્તા (B) ચેન્નઈ
(C) મુંબઇ (D) દિલ્હી

56. મુંબઇ અને દિલ્હીને જોડનાર હાઇ-વે પ્રોજેક્ટનું નામ
(A) NHRC (B) GIDC
(C) DMCI (D) MDCI

57. ભારતની પહેલી બુલેટ ટ્રેઇન પ્રોજેક્ટ અમલમાં મૂકવા કઇ ભારતીય કંપનીની સ્થાપના કરવામાં આવેલી છે ?
(A) UGVCL (B) IPCL
(C) NHSRCL (D) HSRPL

58. સર્જીકલ સ્ટ્રાઇક આધારિત ફિલ્મનું નામ શું છે ?
(A) એલ.ઓ.સી. (B) ઉરી
(C) બોર્ડર (D) રેફ્યુજી

59. અમદાવાદનાં વતની એવા બોલીવુડનાં પ્રસિદ્ધ ગાયક કલાકાર
(A) દર્શન રાવલ (B) શબ્બીર કુમાર
(C) કિશોર કુમાર (D) મહંમદ રફી

60. તાજેતરમાં ગુજરાતમાં વિનાશ નોતરનાર વાવાઝોડાનું નામ શું છે ?
(A) વેનેશા (B) વેરોનિકા
(C) તાઉતે (D) બિપરજોય

61. હાલનાં નામદાર સુપ્રિમ કોર્ટનાં ચીફ જસ્ટીસ કોણ છે ?
(A) માન. ન્યાયાધીશ શ્રી વિક્રમનાથ સાહેબ (B) માન. ન્યાયાધીશ શ્રી એન.વી. અંજારીયા સાહેબ
(C) માન. ન્યાયાધીશ શ્રી એ.જે. દેસાઇ સાહેબ (D) માન. ન્યાયાધીશ શ્રી ડી.વાય. ચંદ્રચુડ સાહેબ

62. ગુજરાત વિધાનસભાનાં હાલનાં સ્પીકર
(A) શ્રી નિમાબહેન આચાર્ય (B) શ્રી શંકર ચૌધરી
(C) શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (D) શ્રી બરજોર પારડીવાલા

63. હાલનાં ચીફ ઓફ આર્મી સ્ટાફ
(A) જનરલ મનોજ નારવણે (B) જનરલ વી.પી. મલિક
(C) જનરલ બીપીન રાવત (D) જનરલ મનોજ પાંડે

64. "સસ્તું ભાડું અને સિધ્ધપુરની જાત્રા" એટલે શું ?

(A) ઓછા ખર્ચે પ્રસંગ પૂરો કરવો
(B) કામ ખૂબ જ સહેલું હોવું
(C) જીવ્યા કરતાં જોયું ભલું
(D) મર્યાદિત સાધનોથી સુંદર કામ કરવું

65. "મંદ"નો નજીકનો સમાનાર્થી કયો ?

(A) ઢીલું
(B) ધીમું
(C) પોચું
(D) સ્થિર

66. "લિયે લાલો અને ભરે હરદા" કહેવતનો સાચો અર્થ લખો.

(A) એક વ્યક્તિ ન કરવાનાં કામ કરે અને અન્ય નિર્દોષને એની સજા ભોગવવી પડે
(B) સરકાર પૈસા વાપરે અને પ્રજા વેરો ભરે
(C) ખાડો ખોદે તે પડે
(D) એક ભૂખ્યો બીજા ભૂખ્યાને શું ખવડાવે ?

67. "એક કાંકરે બે પક્ષી મારવા" કહેવતનો અર્થ જણાવો.

(A) સફળતા ન મળે એટલે પક્ષીને મારવા
(B) કાર્ય સિદ્ધ ન થાય તે માટે પથ્થર મારવો
(C) એક પ્રયાસે બે કાર્યો સિદ્ધ થવા
(D) કાંકરાથી બે પક્ષીનો પ્રાણ લેવો

68. આમાં "અનુગામી"નો વિરોધાર્થી કોણ છે ?

(A) ઉર્ધ્વગામી
(B) અધોગામી
(C) પુરોગામી
(D) હંગામી

69. ________ એ અપેક્ષિત ઇચ્છનીય લક્ષ્ય પ્રાપ્ત ન થાય ત્યારે ઉદ્ભવતો આવેગ છે.

(A) આનંદ
(B) વ્યગ્રતા
(C) સંઘર્ષ
(D) હતાશા

70. રૂઢિપ્રયોગ "માથે ઝાડ ઉગવાં"નો અર્થ શું છે ?

(A) ફળદ્રુપ જમીન
(B) લાંબો વખત ન ટકે એવી વસ્તુ
(C) ખૂબ સમૃદ્ધ હોવું
(D) બહુ દુઃખ પડવા

71. "ઓછું આવવું" રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.

(A) કરકસર કરવી
(B) દુઃખ થવું
(C) વધારે ન હોવું
(D) ખુશ થવું

72. "શ્રુતિ" શબ્દ માટે વિકલ્પોમાંથી સમાનાર્થી શબ્દ જણાવો.

(A) વિલાસી
(B) શ્રમ
(C) શ્વેત
(D) વેદ

73. "ઇન્દ્ર"નો સમાનાર્થી શબ્દ આપો.

(A) વાસવ
(B) સુવાસવ
(C) માહીર
(D) મયંક

74. નર્મદા નદીનું ઉદ્‌ગમ સ્થાન ક્યાં છે ?

(A) પશ્ચિમ ઘાટ
(B) બ્રહ્મગિરી
(C) સાતપુડા
(D) અમરકંટક

75. ઉકાઈ ડેમ કઈ નદી પર છે ?

(A) મહી
(B) નર્મદા
(C) કરજણ
(D) તાપી

76. CNGમાં મોટાભાગે નીચેનામાંથી કયો વાયુ હોય છે ?

(A) હિલિયમ
(B) મિથેન
(C) નાઈટ્રોજન
(D) ઓક્સિજન

77. ચિકનગુનિયા શાનાથી થાય છે ?

(A) બેક્ટેરિયા
(B) પ્રદૂષિત હવા
(C) ચેપી મચ્છર
(D) પ્રદૂષિત જળ

78. અનુસૂચિત જનજાતિ(ST)નો દરજ્જો

(A) હિન્દુઓ અને મુસ્લિમો પૂરતો સીમિત છે.
(B) હિન્દુઓ અને ખ્રિસ્તીઓ પૂરતો સીમિત છે.
(C) હિન્દુઓ પૂરતો સીમિત છે.
(D) ધર્મ સાથે કોઈ સંબંધ ધરાવતો નથી.

79. ભારતમાં નીચે દર્શાવેલ પર્વતમાળા પૈકી સૌથી જૂની પર્વતમાળા કઈ છે ?

(A) દર્શાવેલ ત્રણેય પર્વતમાળાઓ
(B) શિવાલિક
(C) અરવલ્લી
(D) હિમાલય

80. "નાકની દાંડી સામે આંખો રાખવી" તેનો અર્થ નીચેના પૈકી કયો થાય છે ?

(A) સીધો કે ધોરી માર્ગ
(B) સામે મોં એ જવું
(C) પ્રમાણિક રહેવું
(D) સીધે રસ્તે જવું

81. ગુજરાતમાં સૌપ્રથમ મફત અને ફરજિયાત શિક્ષણ દાખલ કરનાર રાજવી કોણ હતા ?

(A) દિગ્વિજયસિંહજી
(B) સયાજીરાવ ગાયકવાડ
(C) પ્રતાપસિંહ
(D) જામરણજીતસિંહ

82. કયા સત્યાગ્રહને ગુજરાતનો પ્રથમ સત્યાગ્રહ માનવામાં આવે છે ?

(A) સાબરમતી સત્યાગ્રહ
(B) ખેડા સત્યાગ્રહ
(C) બારડોલી સત્યાગ્રહ
(D) ધરાસણા સત્યાગ્રહ

83. ગુજરાત રાજ્યનાં કયા પ્રદેશને 'સોનેરી પાનનો મુલક' પણ કહે છે ?
(A) સૌરાષ્ટ્ર (B) દક્ષિણ ગુજરાત
(C) ચરોતર (D) કચ્છ

84. ગુજરાતનો ક્યો પ્રદેશ કપાસ ઉત્પાદન માટે જાણીતો છે ?
(A) હાલાર (B) કાનમ
(C) ભાલ (D) ચરોતર

85. 'વેદો તરફ પાછા વળો' એવું સૂત્ર નીચેનામાંથી કોણે આપ્યું ?
(A) દયાનંદ સરસ્વતી (B) રામાનંદ
(C) સ્વામી વિવેકાનંદ (D) શંકરાચાર્ય

86. ગાંધીજીને 'મહાત્મા'નું બિરૂદ કોણે આપ્યું છે ?
(A) નેલ્સન મંડેલા (B) દલાઈ લામા
(C) નેતાજી સુભાષચંદ્ર બોઝ (D) રવીન્દ્રનાથ ટાગોર

87. ગુજરાત આંતરરાષ્ટ્રીય સમુદ્રી મધ્યસ્થતા કેન્દ્ર (GIMAC)ની સ્થાપના ક્યાં કરવામાં આવશે ?
(A) રાજકોટ (B) લોથલ
(C) ધોલેરા SIR (D) GIFT સિટી

88. ગુજરાતી ભાષાનો વૈશ્વિક સ્તરનો શબ્દકોશ : ભગવદ્ગોમંડલ, ........ રાજ્યનાં રાજાનાં માર્ગદર્શન નીચે તૈયાર થયો હતો.
(A) પોરબંદર (B) લાઠી
(C) ભાવનગર (D) ગોંડલ

89. યોગ્ય જોડકું જોડો :

| | | | |
|---|---|---|---|
| (1) | તાનારીરી | (i) | વડનગર |
| (2) | રણોત્સવ | (ii) | કચ્છ |
| (3) | વસંતોત્સવ | (iii) | ગાંધીનગર |
| (4) | પતંગોત્સવ | (iv) | અમદાવાદ |

(A) 1-iv, 2-iii, 3-ii, 4-i (B) 1-iii, 2-iv, 3-i, 4-ii
(C) 1-i, 2-ii, 3-iii, 4-iv (D) 1-ii, 2-iii, 3-iv, 4-i

90. વિશ્વની સૌથી લાંબી નદી નાઈલ હોય તો જળ-જથ્થાની દષ્ટિએ વિશ્વની સૌથી મોટી નદી એમેઝોન કયા ખંડ સાથે સંબંધિત છે ?
(A) દક્ષિણ અમેરિકા (B) ઉત્તર અમેરિકા
(C) યુરોપ (D) ઓસ્ટ્રેલિયા

91. ગુજરાતમાં સામાજિક સુધારાનાં પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે ?
(A) મહર્ષિ કર્વે (B) કનૈયાલાલ મુનશી
(C) દુર્ગારામ મહેતા (D) કરસનદાસ મૂળજી

92. ભારતમાં પત્રકારત્વનાં અગ્રદૂત તરીકે કોની ગણના થાય છે ?
(A) લોકમાન્ય તિલક
(B) બારીન્દ્રનાથ ઘોષ
(C) રવીન્દ્રનાથ ટાગોર
(D) રાજા રામમોહનરાય

93. મરીન નેશનલ પાર્ક કયા ટાપુ પર આવેલો છે ?
(A) છાડ બેટ
(B) પિરોટન
(C) પિરમ
(D) બેટ દ્વારકા

94. તાજેતરમાં ગુજરાતનાં ક્યા શહેરમાં નિર્મિત મશીન પર ચંદ્રયાન-3નાં સ્પેરપાર્ટસ્ બનશે ?
(A) ભાવનગર
(B) જૂનાગઢ
(C) રાજકોટ
(D) જામનગર

95. બાયોગેસમાં મુખ્યત્વે ________ સમાવિષ્ટ હોય છે.
(A) હાઇડ્રોજન અને ઓક્સિજન
(B) કાર્બન ડાયોક્સાઇડ અને મિથેન
(C) કાર્બન ડાયોક્સાઇડ અને હાઇડ્રોજન
(D) હાઇડ્રોજન અને મિથેન

96. 'કિમોથેરાપી' કયા રોગની સારવારમાં કરાય છે ?
(A) ન્યૂમોનિયા
(B) હાર્ટ સર્જરી
(C) કેન્સર
(D) એઇડ્ઝ

97. દેશમાં કેસરનાં ઉત્પાદનમાં અગ્રેસર રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશ ક્યો છે ?
(A) મેઘાલય
(B) હિમાચલ પ્રદેશ
(C) આસામ
(D) જમ્મુ અને કાશ્મીર

98. નીચેનાં પૈકી ક્યું જોડકું યોગ્ય છે ?
1. હઠીસીંગ જૈન મંદિર – અમદાવાદ
2. નાગેશ્વર જ્યોતિર્લીંગ – દ્વારકા
3. સૂર્ય મંદિર – મોઢેરા
4. અંબાજી મંદિર – હિંમતનગર(સાબરકાંઠા)
(A) 2, 3 અને 4
(B) 1, 2, 3
(C) 1, 2 અને 4
(D) 1, 3 અને 4

99. બનાસ નદીનું ઉદ્‌ભવસ્થાન ક્યાં છે ?
(A) હરિયાણા
(B) ગુજરાત
(C) મધ્યપ્રદેશ
(D) રાજસ્થાન

100. વડનગરમાં ખોદકામ દરમિયાન મળી આવેલું કેપ્સ્યૂલ આકારનું પ્રાચીન સ્ટ્રક્ચર કયા ધર્મ સાથે સંબંધિત છે, તેમ મનાય છે ?
(A) આપેલ તમામ
(B) હિન્દુ
(C) જૈન
(D) બૌદ્ધ